# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૯૪ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૭૬/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી પંડિત ભગવાનજીભાઈ કાનજીભાઈ ગામ – પોરબંદર

સબડીવીઝન: કીર્તિ મંદિર પોરબંદર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, જીઈકેસી ટ્રેનીંગ સેન્ટર,પોરબંદર

તારીખ: ગુરુવાર (૦૮.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૧૦.૨૦૨૦ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ અરજદારશ્રી ગ્રાહક નં.૩૫૧૧૧/૦૦૧૩૫/૨ થી પીજીવીસીએલ કચેરી નું વીજ લાઇટ મીટર ધરાવીએ છીએ અને જે હાલ સુતારવાડા શારદાભુવન ની સામે ના ભાગે તેમના રેહણાક મકાન માં આવેલું હતું અને આ વીજ મીટર હાલ તેઓનું રેહણાક મકાન જર્જરીત હોય અને જે તેઓએ પાડી નાખેલ હોય અને આ મીટર બાજુની દીવાલ ઉપર રાખેલ હતું.આ વીજ લાઇટ મીટર તારીખ.૦૧/૦૮/૨૦૧૯ ના રોજ ગુમ થઈ ગયેલ છે. તથા મીટર બંધ

તારીખ.૨૮/૦૭/૨૦૧૯ અને આ અંગે ની તેઓએ પીજીવીસીએલ કચેરી ને જાણ કરેલી હતી અને જેનું ચાલુ વીજ જોડાણ તારીખ. ૨૮/૦૭/૨૦૧૯ ના રોજ તેઓએ પીજીવીસીએલ ને જાણ કરતાં આ વીજ કનેક્શન કાપવામાં આવ્યું હતું અને જેથી હાલ ની આ અરજી આપ સાહેબ શ્રી ને કરવાની ફરજ પડેલી છે જેથી હાલની આ અરજી આપશ્રી ને વિદિત થાય.-અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી પંડિત ભગવાનજીભાઈ કાનજીભાઈ દ્વારા વીજ મીટર ગુમ થવા અંગે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમા અરજી કરવામા આવેલ છે. જે અનુસાંધાને અત્રેની કચેરી દ્વારા ઉપરોક્ત ગ્રાહક ની અરજી નો યોગ્ય અભ્યાસ કરવામાં આવેલ છે અને રેકર્ડના આધારે સમ્રગ કેસની માહિતી નીચે મુજબ છે.

ગ્રાહક નું નામ - પંડિત ભગવાનજીભાઈ કાનજીભાઈ.

ગ્રાહક ક્રમાંક – ૩૫૧૧૧/૦૦૧૩૫/૨

કેટેગરી – RGPU.

3.૧ અરજદાર/ગ્રાહક દ્વારા કિર્તીમંદિર પેટા-વિભાગીય કચેરી ને અગાઉ વીજ મીટર ગુમ થવા અંગે મૌખિક જાણ કરવામાં આવેલ હતી. આથી કિર્તીમંદિર પેટા-વિભાગીય કચેરી દ્વારા તેઓ શ્રી ને પોલીસ સ્ટેશનમાં નોધાવેલ એફ.આઈ.આર. આપવા બાબત અવાર નવાર યોગ્ય માર્ગદર્શન અને કંપની ના નિયમો વિશે સમજાવેલ હતા. પરંતુ, તેઓ દ્વારા પોલિસ ઇન્સ્પેકટર શ્રી ની સહી વાળો તા ૫.૨.૨૦૨૦ નો દાખલો અત્રેની કચેરીએ રજુ કરવામાં આવેલ હતો. જયારે, ગુજરાત વિદ્યુત નિયત્રણ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીફીકેશનના વિભાગ ૬ (મીટર અને બીલ વ્યવસ્થા) ની પેટા કલમ ૬.૪૫ મુજબ "ગુમ થયેલ મીટરની ફરિયાદ પોલીસ માં એફ.આઈ.આર દાખલ કર્યાની નકલ સાથે જ ધ્યાનમાં લેવાની હોય છે." આથી, આ બાબત ની યોગ્ય જાણકારી કિર્તીમંદિર પેટા-વિભાગીય કચેરી દ્વારા અરજદાર/ગ્રાહક ને મૌખિક તેમજ લેખિતમાં પત્ર નંબર - કેએમએસડી/ટેક/૧૨૫૩ તા ૨૫.૨.૨૦૨૦ થી આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી અરજદાર/ગ્રાહક દ્વારા એફ.આઈ.આર.ની નકલ આપવામાં આવેલ નથી અને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરવામાં આવેલ છે.

3.૨ વિશેષ માં આપશ્રી ને જણાવવાનું કે, અરજદાર/ગ્રાહક દ્વારા અરજીમાં દર્શાવેલ તારીખોમાં કે તેની આજુબાજુ ની તારીખો માં વીજ મીટર અન્ય દીવાલ પર શિફ્ટ કરવા માટે કે પાવર સપ્લાય હંગામી ધોરણે બંધ કરવા માટે કોઈ અરજી કિર્તીમંદિર પેટા-વિભાગીયકચેરી એ કરવામાં આવેલ નથી. જેના લીધે જીઈઆરસી ના નોટીફીકેશન ૬.૪૬ મુજબ આગળની કાર્યવાહી થઇ શકેલ નથી.

# :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબ પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ કોઈ કાર્યવાહી અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલી નથી.

૪.૨ તેમજ અરજદારશ્રી દ્વારા સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ કોઈ કાર્યવાહી અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલી નથી.

૪.૩ અરજદાર શ્રી ને તાકીદ કરવામાં આવે છે, કે વીજ કંપની ના નિયમ મુજબ એફ.આઈ.આર કરવામાં આવેલી નથી.જેથી આ અંગે કંપની ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરી શકાય નહીં.અને જીઈઆરસી ના નોટીફીકેશન ૬.૬ મુજબ મીટર ગુમ થયા પછી અરજદારશ્રી ને ઘર વપરાશ ના ટેરિફ મુજબ બિલ આપવું. આ કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ નવું વીજ જોડાણ આપવા અંગે અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯